# ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી અલ્પેશભાઈ ઠાકોર**

તેમનો મત વિસ્તારઃ– **(ગાંધીનગર દક્ષિણ)**

## અગ્રતા ક્રમ – ૫

**પ્રશ્નઃ–૧** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં સરકાર દ્વારા સહાયના દરમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવ્યો ?

**પ્રશ્નઃ–૨** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં લાભ લેવા માટે શું આવક મર્યાદા નિર્ધારિત કરેલ છે ?

**પ્રશ્નઃ–૩** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પ્રશ્નઃ–૪** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં કોને સહાય મળવાપાત્ર છે?

**પ્રશ્નઃ–૫** આ યોજનામાં સહાય મેળવવા માટે અરજદારે અરજી કયાં કરવાની રહે છે ?

**પ્રશ્ન ૧ : કુંવરબાઈનું મામેરૂ યોજનામાં સરકાર દ્વારા સહાયના દરમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવ્યો ?**

જવાબ:

**માન. અધ્યક્ષશ્રી,**

- તા.૨/૫/૧૯૯૫ – રૂ. ૫,૦૦૦/–આપવાનું ઠરાવેલ
- તા.૧૩/૪/૨૦૧૨ – રૂ. ૫,૦૦૦/–નો વધારો કરી સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/–કરવામાં આવેલ.
- તા.૩/૬/૨૦૨૧ – તા.૧/૪/૨૦૨૧થી સહાયની રકમ રૂ. ૧૦,૦૦૦/–માં રૂ.૨,૦૦૦/–નો વધારો કરી રૂ.૧૨,૦૦૦/–કરવામાં આવેલ છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન ૨ : કુંવરબાઈનું મામેરૂ યોજનામાં લાભ લેવા માટે શું આવક મર્યાદા નિર્ધારિત કરેલ છે ?**

જવાબ:

**માન. અધ્યક્ષશ્રી,**

- **કુંવરબાઈનું મામેરૂ યોજનામાં લાભ લેવા માટે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં રૂ.૬.૦૦ લાખની આવક મર્યાદા નિર્ધારિત કરેલ છે.**

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન ૩ : કુંવરબાઈનું મામેરૂ યોજનામાં ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?**

જવાબ:

**માન. અધ્યક્ષશ્રી,**

- **ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કુલ ૩૦૭૬ (ત્રણ હજાર છોત્તેર) લાભાર્થીઓને રૂ.૩૪૩.૦૦ (ત્રણ કરોડ તેત્તાલીસ લાખ) ની સહાય ચૂકવવામાં આવેલ છે.**

[મુખ્ય પેજ પર જવા માટે]

**પ્રશ્ન ૪ : કુંવરબાઈનું મામેરૂ યોજનામાં કોને સહાય મળવાપાત્ર છે?**

**જવાબ :–**
**માન. અધ્યક્ષશ્રી,**

**કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગની પુખ્તવયની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવામાં આવે છે .**

**મુખ્ય પેજ પર જવા માટે**

**પ્રશ્ન ૫ :** **આ યોજનામાં સહાય મેળવવા માટે અરજદારે અરજી કયાં કરવાની રહે છે ?**

**જવાબ :–**

**માન. અધ્યક્ષશ્રી,**

**અરજદારે લગ્ન તારીખના બે વર્ષના સમયગાળામાં ઓનલાઇન અરજી ઇ–સમાજ કલ્યાણ પોર્ટલમાં (http://esamajkalyan.gujarat.go.in) કરવાની હોય છે.**

મુખ્ય પેજ પર જવા માટે

## ગાંધીનગર  જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ
## સમય ગાળો તા.૧/૪/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી મંજુર કરેલ અરજી | મંજુર પૈકી ચુકવેલ સહાય | | નામંજુર કરેલ અરજી |
|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | |
| ૧ | ગાંધીનગર | ૧૪૦ | ૧૩૭ | ૧૩૭ | ૧૬.૪૪ | ૩ |
| ૨ | માણસા | ૨૨૪ | ૨૨૪ | ૨૨૪ | ૨૬.૮૮ | ૦ |
| ૩ | કલોલ | ૨૦૭ | ૨૦૫ | ૨૦૫ | ૨૪.૬૦ | ૨ |
| ૪ | દહેગામ | ૧૦૮ | ૧૦૬ | ૧૦૬ | ૧૨.૭૨ | ૨ |
| **કુલ** | | **૬૭૯** | **૬૭૨** | **૬૭૨** | **૮૦.૬૪** | **૭** |

**ગાંધીનગર  જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

**સમય ગાળો તા.૧/૪/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩**

| ક્રમ | તાલુકાનું નામ | ના મંજુર અરજીઓ | **ના મંજુરના કારણો** | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | આવક વધુ હોવાથી | સમય મર્યાદા બહાર અરજી મળેલ હોવાથી | અગાઉ આ યોજના હેઠળ લાભ મળેલ હોવાથી | લગ્ન રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી | અન્ય કારણો જે) કારણ હોય તે જણાવવું( | |
| ૧ | ગાંધીનગર | ૩ | | | | | ૩–અરજદાર અન્ય રાજ્યના હોઈ | ૩ |
| ૨ | કલોલ | ૨ | | ૧ | | | ૧–અરજદાર અન્ય રાજ્યના હોઈ | ૨ |
| ૩ | દહેગામ | ૨ | | ૨ | | | | ૨ |
| ૪ | માણસા | ૦ | | | | | | ૦ |
| **કુલ** | | **૭** | | **૩** | | | **૪** | **૭** |

**ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમા થયેલ સિદ્ધિ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વર્ષ | સિદ્ધી | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૫૫૮ | ૫૫.૮૦ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૩૪૦ | ૩૪.૦૦ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૪૬૮ | ૫૦.૫૦ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૮૨૫ | ૯૬.૬૪ |
| ૫ | ૨૦૨૩–૨૪ (જાન્યુઆરી–૨૦૨૪ અંતિત) | ૮૮૫ | ૧૦૬.૦૬ |
| **કુલ** | | **૩૦૭૬** | **૩૪૩.૦૦** |
| **ત્રણ હજાર છોત્તેર લાભાર્થીઓ અને ત્રણ કરોડ તેત્તાલીસ લાખની સહાય** | | | |

**રાજયમાં કુંવરબાઈનું મામેરૂ યોજના**
**હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વર્ષ | મુળ જોગવાઈ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | લક્ષ્યાંક | સિધ્ધી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૨૨૦૦.૦૦ | ૨૮૪૩.૮૩ | ૨૨૦૦૦ | ૨૮૪૩૮ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૨૫૦૦.૦૦ | ૨૬૬૦.૫૦ | ૨૫૦૦૦ | ૨૬૬૦૪ |
| ૩ | ૨૦૨૧-૨૨ | ૩૦૦૦.૦૦ | ૩૭૬૯.૧૫ | ૨૫૦૦૦ | ૩૫૦૬૫ |
| ૪ | ૨૦૨૨-૨૩ | ૩૨૦૦.૦૦ | ૬૯૬૭.૭૦ | ૨૬૬૬૬ | ૫૯૫૯૨ |
| ૫ | ૨૦૨૩-૨૪ (જાન્યુઆરી-૨૦૨૪ અંતિત) | ૩૯૦૦.૦૦ | ૬૮૮૭.૭૬ | ૩૨૫૦૦ | ૫૭૭૬૧ |
| **કુલ** | | **૧૪૮૦૦.૦૦** | **૨૩૧૨૮.૯૪** | **૧૩૧૧૬૬** | **૨૦૭૪૬૦** |

## કુંવરબાઈનું મામેરું યોજનાની ટુંકી નોંધ

❖ તા.૦૨/૦૫/૧૯૯૫ થી

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગની એક કન્યાને રૂ.૫,૦૦૦/– સહાય

❖ તા.૨૦/૧૦/૧૯૯૫ થી

- રૂ.૫૦૦૦/–ની સહાય (રૂ.૨૦૦૦/–રોકડા અને રૂ.૩૦૦૦/–ના કિસાન  વિકાસપત્ર)
- અરજી ૧ વર્ષમાં કરવી.

❖ તા.૧૮/૦૫/૨૦૦૯ થી

- સહાય રૂ.૫,૦૦૦/– ચેકથી

❖ તા.૧૩/૦૪/૨૦૧૨ થી

- રૂ.૫,૦૦૦/– સહાયમાં વધારો કરી રૂ.૧૦,૦૦૦/– કર્યા.
- આવક મર્યાદા ગ્રામ્યમા રૂ.૨૭,૦૦૦/– અને શહેરી વિસ્તારમા રૂ.૩૬,૦૦૦/– કરી.

❖ તા.૧૧/૧૦/૨૦૧૩ થી

- અરજી બે વર્ષ સુધી કરી શકાશે.

❖ તા.૨૮/૦૭/૨૦૧૪ થી

- એકજ કુટુંબની બે કન્યાઓને લાભ

❖ તા.૭/૮/૨૦૧૪ થી

- આવક મર્યાદા ગ્રામ્યમા રૂ.૪૭,૦૦૦/– અને શહેરી વિસ્તારમા રૂ.૬૮,૦૦૦/– કરેલ છે.

❖ તા.૨૪/૧૦/૨૦૧૭ થી

- આવક મર્યાદા ગ્રામ્યમાં રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમા રૂ.૧,૫૦,૦૦૦/- કરેલ છે.

❖ તા.૨૭/૦૭/૨૦૧૮ થી

- સાતફેરા સમુહલગ્ન આયોજિત જિલ્લામાંથી કુંવરબાઈનું મામેરાનો લાભ મળશે.

❖ તા.૦૩/૦૬/૨૦૨૧ થી

- રૂ.૧૦,૦૦૦/- સહાયમાં વધારો કરી રૂ.૧૨,૦૦૦/- કર્યા.

❖ તા.૨૧/૧૨/૨૦૨૧ થી

- પુન:લગ્નના કિસ્સામા પણ લાભ મળશે.
- સ્થળ તપાસની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર

❖ તા.૦૨/૧૧/૨૦૨૨ થી

- આવક મર્યાદા રૂ.૬.૦૦ લાખ

❖ કુંવરબાઈનું મામેરૂ યોજનાની સહાય મેળવવા "ઇ-સમાજ કલ્યાણ" પોર્ટલ પર ઓન લાઈન અરજી કરવાની રહે છે .

❖ પાત્રતાના માપદંડો

- કન્યાની ૧૮ વર્ષ અને યુવકની ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.
- એકજ કુટુંબની બે કન્યાઓને લાભ મળશે
- આવક મર્યાદા રૂ.૬.૦૦ લાખ
- લગ્નના બે વર્ષ સુધી અરજી કરી શકાશે.

- ❖ **<u>અરજી સાથે રજૂ કરવાના આધાર પુરાવા</u>**
  - **કન્યાનું આધારકાર્ડ**
  - **કન્યાના પિતા/ વાલીનો આવકનો દાખલો**
  - **લગ્ન રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર**
  - **કન્યાની બેંક પાસબુક/રદ કરેલ ચેક**
- ❖ **કન્યાને DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) દ્વારા રૂ.૧૨,૦૦૦/– ની સહાય**

## પૂરક નોંધ

### કુંવરબાઈનું મામેરૂં:–

➢ **હેતુ :**

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગોની વ્યકિતઓને દિકરીનાં લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવા માટે.

➢ **યોજનાની શરૂઆત :**

- સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગોની કન્યાઓના લગ્ન પ્રસંગે **કુંવરબાઈનું મામેરૂં યોજના** સરકારશ્રીના તા.**૨/૫/૧૯૯૫**ના ઠરાવ ક્રમાંક: **એસ. સી. ડબલ્યુ. / ૧૦૯૧ / ૯૭૫ (બ)**/જથી અમલમાં છે.

➢ **સહાયની રકમ અને સ્વરૂપમાં થયેલ સુધારા વધારા :**

- શરૂઆતના તબક્કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગની કન્યાઓના લગ્ન પ્રસંગે મામેરા માટે રૂપિયા ૫૦૦૦/– પૈકી રૂપિયા ૨૦૦૦/– રોકડા સ્વરૂપે કન્યાના માતા પિતાને અને બાકીના રૂપિયા ૩૦૦૦/– કન્યાના નામે કિસાન વિકાસપત્રના સ્વરૂપે નાણાંકીય સહાય આપવામાં આવતી હતી.

- સરકારશ્રીના તા.૧૮/૫/૨૦૦૯ ના ઠરાવથી કન્યાને લગ્ન સમયે જરૂરી ઘર–વખરી ખરીદી શકાય તે માટે રૂપિયા ૫૦૦૦/– ચેકથી ચુકવવાનું ઠરાવવામાં આવેલ હતુ.
- સરકારશ્રીના તા.૧૩/૪/૨૦૧૨ના ઠરાવથી સહાયની રકમ રૂ. ૫,૦૦૦/– થી વધારીને રૂ. ૧૦,૦૦૦/– કરવામાં આવેલ.
- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતાં કુવરબાઈનું મામેરુ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી બંન્ને યોજના હેઠળ અપાતી સહાયની ચુકવણી કરવા સરકારશ્રીના તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૮/ ૨૭૮૯૧૧/અ.૧ થી મંજૂરી આપવામાં આવેલ છે.
- હાલમાં સરકારશ્રીના તા.૩/૬/૨૦૨૧ના ઠરાવ તથા તા.૮/૪/૨૦૨૧ના સુધારા ઠરાવ મુજબ સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/– માં વધારો કરી કન્યાના નામે રૂ.૧૨,૦૦૦/– આપવા ઠરાવેલ છે, તેમજ નવા દરનો અમલ તા.૧/૪/૨૦૨૧થી કરવાનો રહેશે અને તા.૧/૪/૨૦૨૧ કે ત્યારબાદ લગ્ન કરનારને રૂ.૧૨,૦૦૦/– લેખે નવા દરનો લાભ આપવા ઠરાવવામાં આવેલ છે. **જે હાલમાં અમલમાં છે.**

➢ **<u>યોજનાના સરળ અમલીકરણ માટે કરવામાં આવેલ સુધારા:</u>**

- **સરકારશ્રીના તા.૨૧/૧૨/૨૦૨૧ના ઠરાવથી :**

  – અગાઉની ‘‘પુન: લગ્નના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહી’’ તે શરત રદ કરવામાં આવેલ છે.

  – સમયમર્યાદામાં અરજીના નિકાલ કરવા માટે સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રક્રિયા કરવા ઠરાવેલ છે.

- **અગાઉ અરજી સાથે મેળવવામાં આવતા હતા તેવા નીચે મુજબના (નવ) આધાર–પુરાવા રજુ કરવામાંથી મુક્તિ આપેલ છે.**

  (૧) કન્યાના પિતા/વાલીનું આધાર કાર્ડ

  (૨) કન્યાના પિતાના રેશનકાર્ડની નકલ

  (૩) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતિનો દાખલો

  (૪) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ યુવકની જાતિનો દાખલો

  (૫) રહેઠાણનો પુરાવો

  (૬) કન્યાની જન્મ તારીખનો પુરાવો

  (૭) યુવકની જન્મ તારીખનો પુરાવો

(૮) યુગલનો સંયુક્ત ફોટો

(૯) લગ્ન કંકોત્રી

- **હવે નીચે મુજબના ફક્ત ચાર ડોક્યુમેન્ટના આધારે અરજી મંજુર કરવામાં આવે છે.**

(૧) કન્યાનું આધાર કાર્ડ

(૨) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો

(૩) લગ્ન નોંધણી પ્રમાણપત્ર

(૪) બેન્ક પાસબુક/રદ કરેલ ચેક (યુવતીના નામનું)

➢ **<u>હાલમાં કુંવરબાઈનું મામેરૂં યોજનાનો લાભ લેવા માટેની</u>**

**<u>શરતો:-</u>**

- સરકારશ્રીના તા.૦૨/૧૧/૨૦૨૨ના ઠરાવ મુજબ હાલ ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં રૂ.૬.૦૦ લાખ આવક મર્યાદા નક્કી થયેલ છે.
- આ યોજનાનો લાભ કુટુંબની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે આપવામાં આવે છે.
- લગ્ન કરનાર કન્યા/યુવક લગ્ન માટે કાયદા અનુસારની નિયત લઘુત્તમ વય ધરાવતા હોવા જોઈએ.

- લગ્ન અંગેના જરૂરી આધાર/પુરાવા અરજી સાથે રજુ કરવાના હોય છે. કન્યાના માતા–પિતા/ વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવું સ્વ–ઘોષણા (Self-Declaration) આપવાનું રહે છે.
- લગ્ન થયાના બે વર્ષની અંદર સહાય મેળવવા અરજી કરવાની હોય છે.
- લગ્ન નોંધણી કરાવવાનું/નોંધાવવાનું ફરજીયાત છે.

➢ **યોજનાના સહાય માટેની કાર્યપદ્ધતિ**

- અરજદારે લગ્ન તારીખના બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનામાં ઇ–સમાજ કલ્યાણ પોર્ટલ (**esamajkalyan.gujarat.go.in**) પર ઓન લાઇન અરજી કરવાની રહે છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તથા આર્થિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ પોતાના જિલ્લાના જિલ્લા નાયબ નિયામક (વિકસતિ જાતિ)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)ને અરજી કરવાની રહે છે.
- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતાં કુવરબાઈનું મામેરુ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી

બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી આ યોજનાના લાભ માટે અરજી કરી બંન્ને યોજનાનો લાભ લઇ શકે છે.

- સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્બારા ડોક્યુમેન્ટની ચકાસણી કરી, તેઓના અભિપ્રાય સાથે અરજીઓ સંબંધિત જિલ્લાના જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)જિલ્લા કચેરીએ આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.
- જિલ્લાકક્ષાએ જિલ્લા અધિકારીશ્રી દ્બારા પાત્રતા ધરાવતા અરજદારોની અરજીઓ મંજુર કરી DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) દ્બારા કન્યાને નિયમોનુસાર રૂ.૧૨,૦૦૦/- સહાય ચૂકવવામાં આવે છે.

❖ ગાંધીનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪માં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ વિકસતી જાતિની કુલ ૬૭૯ અરજીઓ મળેલ હતી. જેમાં ૬૭૨ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે અને આ મંજુર કરેલ કુલ ૬૭૨ લાભાર્થી કન્યાઓને રૂ.૧૨,૦૦૦/- લેખે રૂ.૮૦.૬૪ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. જ્યારે ૭ અરજીઓ વિવિધ કારણોસર નામંજુર કરવામાં આવેલ છે. જેમાં ૦૩ અરજી સમયમર્યાદા બાદ મળેલ હોવાથી તેમજ ૦૪ અરજી કન્યા અન્ય રાજ્યની હોવાથી નામંજૂર કરવામાં આવેલ છે.

## કુંવરબાઈનું મામેરું યોજનાની સહાયમાં વખતોવખત થયેલ સુધારાની વિગત દર્શાવતું પત્રક

**(વિકસતી જાતિ)**

| ક્રમ | ઠરાવ તારીખ | જોગવાઈ/સુધારાની સંક્ષિપ્ત વિગત |
|---|---|---|
| ૧ | **તા.૦૨/૦૫/૧૯૯૫** | **મામેરૂ/ મંગલસુત્ર યોજના –**<br>❖સહાયની રકમ રૂ. ૫,૦૦૦/– કરવામાં આવી<br>❖સામાજિકઅને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગને લાભ આપવાનું ઠરાવયું.<br>❖વાર્ષિક આવક મર્યાદા રૂ. ૭૫૦૦/–<br>❖એક કન્યા સુધી લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું |
| ૨ | **તા.૨૦/૧૦/૧૯૯૫** | **કુંવરબાઈનું મામેરું યોજનાનું નામાભિધાન કરવામાં આવ્યું.**<br>– રૂ.૫૦૦૦/– ની સહાય (રૂ.૨૦૦૦/– રોકડા, રૂ.૩૦૦૦/–ના કિસાન વિકાસપત્ર)<br>- આવક મર્યાદા – ૭૫૦૦/–<br>- અરજી કરવાની મુદ્દત ૧ વર્ષ |
| ૩ | **તા.૧૧/૧૨/૧૯૯૫** | – વાર્ષિક આવક ૧૧,૦૦૦/– નક્કી થઈ<br>(સહાયનું ધોરણ યથાવત્ત) |

| ક્રમ | ઠરાવ તારીખ | જોગવાઇ/સુધારાની સંક્ષિપ્ત વિગત |
|---|---|---|
| ૪ | **તા.૨૯/૩/૨૦૦૮** | - સહાયનું ધોરણ યથાવત<br>- વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર– ૧૫૯૭૬/– અને શહેરી વિસ્તાર– ૨૧૨૦૬/– |
| ૫ | **તા.૧૮/૦૫/૨૦૦૯** | - રૂ.૫,૦૦૦/– એકથી આપવાનું ઠરાવાયું<br>- વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર– ૧૫૯૭૬/– અને શહેરી વિસ્તાર– ૨૧૨૦૬/– |
| ૬ | **તા.૨૦/૦૪/૨૦૧૧** | - વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર– ૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર– ૨૫,૦૦૦/– કરવામાં આવી. |
| ૭ | **તા.૧૩/૦૪/૨૦૧૨ (અમલતા.૧/૪/૨૦૧૨થી)** | - સહાયની રકમમાં રૂ. ૫,૦૦૦/– માં વધારો કરી રૂ.૧૦,૦૦૦/– એકથી ચૂકવાનું નક્કી કરવામાં આવ્યું.<br>- વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર– રૂ.૨૭,૦૦૦/ – અને શહેરી વિસ્તાર– રૂ.૩૬,૦૦૦/– |

| ક્રમ | ઠરાવ તારીખ | જોગવાઇ/સુધારાની સંક્ષિપ્ત વિગત |
|---|---|---|
| ૮ | **તા.૧૧/૧૦/૨૦૧૩** | - સહાય અને આવક મર્યાદા યથાવત<br>- અરજી કરવાની સમય મર્યાદા બે વર્ષ નક્કી કરવામાં આવી. |
| ૯ | **તા.૨૮/૦૭/ ૨૦૧૪** | - સહાય અને આવક મર્યાદા યથાવત<br>- એકજ કુટુંબની બે કન્યાઓને લાભ આપવાની મંજૂરી આપવામાં આવી. |
| ૧૦ | **તા.૭/૮/૨૦૧૪** | - સહાય યથાવત (રૂ.૧૦,૦૦૦/– એકથી)<br>- વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર– રૂ.૪૭,૦૦૦/– અને શહેરી વિસ્તાર– રૂ.૬૮,૦૦૦/– કરવામાં આવી. |
| ૧૧ | **તા.૨૪/૧૦/૨૦૧૭ના** | - સહાય યથાવત (રૂ.૧૦,૦૦૦/– એકથી)<br>- વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર– રૂ.૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર– રૂ.૧,૫૦,૦૦૦/– |
| ૧૨ | **તા.૨૭/૦૭/૨૦૧૮** | - સહાય અને આવક મર્યાદા ઉપર મુજબ યથાવત<br>- સાતફેરા સમૂહલગ્ન આયોજિત જિલ્લામાંથી કુંવરબાઇનું મામેરૂની સહાય ચુકવવા બાબત |
| ૧૩ | **તા.૦૩/૦૬/૨૦૨૧ અને તા.૦૮/૦૭/૨૦૨૧** | - સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/– માં વધારો કરી કન્યાના નામે રૂ.૧૨,૦૦૦/– આપવા ઠરાવેલ છે, તેમજ નવા દરનો અમલ |

| ક્રમ | ઠરાવ તારીખ | જોગવાઇ/સુધારાની સંક્ષિપ્ત વિગત |
|---|---|---|
| | | તા.૧/૪/૨૦૨૧થી કરવાનો રહેશે અને તા.૧/૪/૨૦૨૧ કે ત્યારબાદ લગ્ન કરનારને રૂ.૧૨,૦૦૦/– લેખે નવા દરનો લાભ આપવા ઠરાવવામાં આવેલ છે. |
| ૧૪ | **તા.૨૧/૧૨/૨૦૨૧** | - અગાઉની ''પુન: લગ્નના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહી'' તે શરત રદ કરવામાં આવેલ છે.<br>- સમયમર્યાદામાં અરજીના નિકાલ કરવા માટે સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રકિયા કરવા ઠરાવેલ છે.<br>- અગાઉ તેર ડોક્યુમેન્ટ લેવામાં આવતા તેના જગ્યાએ ફક્ત ચાર ડોક્યુમેન્ટ લેવામાં આવે છે. |
| **૧૫** | **તા.૦૨/૧૧/૨૦૨૨** | - વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર– અને શહેરી વિસ્તાર– રૂ.૬,૦૦,૦૦૦/– કરવામાં આવેલ છે. |